દ્વિતીય સત્રના અભ્યાસક્રમ આધારિત

# અલંકાર

# વાર્ષિક મૂલ્યાંકનલક્ષી એસાઈન્મેન્ટ

## ધોરણ - ૪

**પુસ્તકની વિશેષતાઓ :**

- NCERT મુજબ નવા અભ્યાસક્રમ મુજબના વિષયોનો સમાવેશ.
- પેપરસ્કીમ પ્રમાણે પુનરાવર્તનનું આયોજન.
- દરેક પાઠ-પ્રકરણના અગત્યના તમામ પ્રશ્નો-દાખલાઓ.
- બધા જ વિષયોના હેતુલક્ષી પ્રશ્નોના જવાબો.
- વિસ્તૃત પ્રશ્નોના જવાબ સરળતાથી મળી શકે તે માટેનું નિદર્શન.
- શક્ય હોય ત્યાં જવાબ અંદર જ લખી શકાય તે માટે કોરી જગ્યા.
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વોલિટી અને આકર્ષક પ્રિન્ટીંગ.

**વિદ્યાર્થીનું નામ :**

**વર્ગ :** **હાજરી નંબર :**

**શાળાનું નામ :**

**વર્ગ શિક્ષકશ્રીનું નામ :**

Very unique to learn...
Alankar® Publication

અલંકાર પબ્લિકેશન
9726437575
alankarpublication@yahoo.com
www.alanakarpublication.com
alankarpublication

010222

F-22

## કુહૂ

પાનાં નં. ૪

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

## આસપાસ (પર્યાવરણ)

પાનાં નં. ૩૩

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

## ગણિત

પાનાં નં. ૫૯

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

## હિન્દી (પાઠ્યપુસ્તક)

પાનાં નં. ૮૨

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

**અંગ્રેજી** [TEXT BOOK] પાનાં નં. ૯૫

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

**અંગ્રેજી** [ALANKAR STEP BOOK PART-4] પાનાં નં. ૧૦૭

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

**સામાન્ય જ્ઞાન** પાનાં નં. ૧૨૦

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

**કમ્પ્યૂટર** પાનાં નં. ૧૨૯

| પ્રશ્ન | પુનરાવર્તન તારીખ | શિક્ષકની સહી | શિક્ષકનાં સૂચનો |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

# ફુદૂ (ગુજરાતી પ્રથમ ભાષા)

ધોરણ–૪ | કુલ ગુણ–૪૦

**અભ્યાસક્રમ : એકમ ૫ થી ૧૦, પુનરાવર્તન અને વ્યાકરણ તથા નિબંધ**

**પ્રશ્ન–૧ (અ)** નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો : (૪)

**પ્રશ્ન–૧ (બ)** યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો : (૨)

...અથવા...

**પ્રશ્ન–૧ (બ)** યોગ્ય શબ્દ મૂકી કાવ્યપંક્તિ પૂર્ણ કરો : (૨)

...અથવા...

**પ્રશ્ન–૧ (બ)** યોગ્ય જોડકાં જોડો : (૨)

**પ્રશ્ન–૧ (ક)** નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો :(૩)

...અથવા...

**પ્રશ્ન–૧ (ક)** કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો : (૩)

...અથવા...

**પ્રશ્ન–૧ (ક)** યોગ્ય જૂથમાં વર્ગીકરણ કરો : (૩)

...અથવા...

**પ્રશ્ન–૧ (ક)** નીચે આપેલાં વાર્તાનાં ચિત્રોને યોગ્ય ક્રમ આપો : (૩)

**પ્રશ્ન–૨ (અ)** નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો : (૩)

**પ્રશ્ન–૨ (બ)** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો : (૩)

**પ્રશ્ન–૨ (ક)** નીચેના શબ્દોની સાચી જોડણી લખો : (૨)

...અથવા...

**પ્રશ્ન–૨ (ક)** ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો : (૨)

**પ્રશ્ન–૨ (ડ)** નીચેના શબ્દોને કક્કાવારીના ક્રમમાં ગોઠવો : (૨)

...અથવા...

**પ્રશ્ન–૨ (ડ)** નીચેનાં શબ્દસમૂહો માટે એક શબ્દ લખો : (૨)

...અથવા...

પ્રશ્ન–૨ (ડ) ખોટો શબ્દ છેકીને અર્થપૂર્ણ વાક્ય બનાવો : (૨)

પ્રશ્ન–૨ (ઈ) નીચેનાં વાક્યો કોણ બોલે છે, તે લખો : (૨)

...અથવા...

પ્રશ્ન–૨ (ઈ) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય બનાવો : (૨)

...અથવા...

પ્રશ્ન–૨ (ઈ) નીચેનાં શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો : (૨)

પ્રશ્ન–૩ (અ) નીચેના પ્રશ્નોનાં એક શબ્દમાં જવાબ લખો : (કોઈપણ ચાર)(૪)

પ્રશ્ન–૩ (બ) નીચેના પ્રશ્નોનાં એક–બે વાક્યમાં જવાબ લખો : (કોઈપણ બે) (૪)

પ્રશ્ન–૩ (ક) કાવ્યપંક્તિ પૂર્ણ કરો : (૨)

...અથવા...

પ્રશ્ન–૩ (ક) ઉખાણું, જોડકણું કે હાસ્ય ટૂચકો બનાવો અને લખો : (૨)

પ્રશ્ન–૪ (અ) નીચેના પ્રશ્નોના બે–ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ બે)(૪)
(માહિતી આધારિત પ્રશ્નો–સમજ આધારિત પ્રશ્નો)

પ્રશ્ન–૪ (બ) નીચેના વિષય પર પાંચ–છ વાક્યમાં નિબંધ લખો : (૫)

...અથવા...

પ્રશ્ન–૪ (બ) નીચે આપેલા ફકરાને ધ્યાનથી વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૫)

...અથવા...

પ્રશ્ન–૪ (બ) આપેલાં ચિત્ર પરથી પાંચ–છ વાક્યો લખો : (૫)

| નોંધ: | અથવામાં આપેલા વિકલ્પોમાંથી ગમે તે એક જ પ્રશ્ન પૂછવામાં આવશે. |
|---|---|

**પ્રશ્ન–૧ (અ)** નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો : **(૪)**

(૧) પવનની ઝાપટે બાળકના ઘરની છત પર શું ખખડે છે ? - ☐

(અ) નળિયાં (બ) ધાબું (ક) પતરાં

(૨) બાળક ઘર બંધ કરીને બેસે ત્યારે સાંકળને કોણ ખખડાવે છે ?- ☐

(અ) મિત્રો (બ) પક્ષીઓ (ક) પવન

(૩) પવનની ઝાપટે શું ઠરી જતાં અંધારું છવાઈ ગયું ? - ☐

(અ) બાગ (બ) દીવો (ક) મીણબત્તી

(૪) કોણ મીઠાઇ-મેવા ત્યાગી સાદું ભોજન આરોગે છે ? - ☐

(અ) ખૈબર (બ) વૈરાગી (ક) ભજનિક

(૫) 'શિવજીનો જશ ગાવો.' એટલે કોના ગુણગાન ગાય છે ? - ☐

(અ) શંકર ભગવાનના (બ) શ્રી રામના (ક) હનુમાનજીના

(૬) બચુએ બાવો બનવા શું-શું કર્યું ? - ☐

(અ) ઘર છોડી દીધું

(બ) ટકોમૂંડો કરાવ્યો

(ક) જટા બનાવી, ભભૂત લગાવી

(૭) બાવો શું લેવાની ના પાડે છે ? - ☐

(અ) પૈસા-કપડાં (બ) સાદું ભોજન (ક) આટો

(૮) મમ્મીને ક્યારે નવાઈ લાગી હશે ? - ☐

(અ) બચુડાને બાવા તરીકે જોઈને

(બ) બાવાને બચુડા તરીકે જોઈને

(ક) બાવાને ઘરમાં જોઈને

(૯) બચુ બાવો ક્યારે બન્યો ? - ☐

(અ) રાત્રે (બ) બપોરે (ક) રસોઈ વેળાએ

(૧૦) ધમાચકડી સીધા રસ્તે પણ વાંકા-ચૂકાં ને લાંબા-ટૂંકા શું માંડે છે ? - ☐

(અ) બગલાં (બ) પગલાં (ક) સરવાળા

(૧૧) ધમાચકડી શું ઊંધા-સવળાં પહેરે છે ? - ☐

(અ) ચપ્પલ (બ) ચશ્માં (ક) કપડાં

(૧૨) ધમાચકડી પોતાનાં ખિસ્સાં શેનાથી ભરે છે ? - ☐

(અ) પૈસાથી (બ) ગોળ-લિસ્સા મણકાથી

(ક) ડાળી-ઠૂંઠાથી

(૧૩) ધમાચકડીને વૃક્ષનાં કેવાં પાંદડાં વીણવાં ગમે છે ? - ☐

(અ) ભીનાં-સૂકાં (બ) લાંબાં-ટૂંકા (ક) આડા-અવળાં

(૧૪) આકાશમાં કયું પક્ષી કિલ્લોલ કરે છે ? - ☐

(અ) બાજ (બ) સારસ (ક) કુંજડા

(૧૫) વરસાદ વરસવાથી સીમ પર શી અસર થઈ છે ? - ☐

(અ) સૂકી ભઠ્ઠ બની ગઈ.

(બ) સોનાવરણી બની ગઈ.

(ક) બધું સૂકાઈ ગયું.

(૧૬) લોકોમાં લીલાલ્હેર રે. - પંક્તિમાં 'લીલાલ્હેર' એટલે શું ? - ☐

(અ) એક પક્ષી (બ) સુખ, આબાદી (ક) મહેનત

(૧૭) ખેતરમાં કયો પાક દૂધ જેવો ઉજળો લહેરાય છે ? - ☐

(અ) કપાસ (બ) ગાયનું દૂધ (ક) બગલાંઓ

- **સાચાં અર્થવાળું વિધાન શોધી તેનો ક્રમ ☐ માં લખો :**

(૧૮) કોયલ ગાયે કુહૂ.... - ☐

(અ) મોર અને કોયલ બંને ઝઘડો કરે છે.

(બ) આંબાવાડીમાં કોયલ કુહૂ... કુહૂ... ગાય છે.

(ક) કોયલે આંબાવાડીને કા.. કા.. કરી ગજવી મૂકી.

(૧૯) ફૂલ પર બેસી પતંગિયાં મધ લેતાં ખોળી. - ☐

(અ) પતંગિયાં ફૂલને મધ આપે છે.

(બ) ફૂલમાં આપણને મધ ના દેખાય પણ પતંગિયાં શોધી કાઢે છે.

(ક) બધાં ફૂલ પતંગિયાં જેવાં લાગે છે.

(૨૦) સૂરજદાદા કાળું આભ ધુએ. - [ ]

(અ) અજવાળું થતાં આકાશ ઊજળું લાગે.

(બ) આકાશને વરસાદ પાડી ધુએ.

(ક) સૂરજદાદા કાળું કપડું ધોવા માટે ઊગે છે.

(૨૧) ઘુવડ બિચારું બખોલમાં જઇ સૂએ. - [ ]

(અ) બધાં પક્ષીઓએ આક્રમણ કરતા ઘુવડ બખોલમાં સૂઈ ગયું.

(બ) સૂરજ ઊગતાં ઘુવડ શિકારને શોધી બખોલમાં સૂઈ જાય છે.

(ક) સૂરજના પ્રકાશમાં જોઈ ન શકતા ઘુવડ બખોલમાં સૂઈ જાય.

(૨૨) ઘરકૂકડી..... - [ ]

(અ) એય ઘરકૂકડી ! આમ આખો દિવસ મરઘી સાથે શું રમે છે ?

(બ) ઘરકૂકડીની જેમ આખો દિવસ ઘરમાં ભરાઈ રહેવાતું હશે !

(ક) ઘરમાં દાણા નાખીએ તો ઘરકૂકડી ઘરમાં આવી જાય.

(૨૩) સાથીદાર.... - [ ]

(અ) કસ્તુરબા ગાંધીજીના જીવનભરના સાથીદાર હતાં.

(બ) મોહનનો ખરો સાથીદાર તેણે બનાવેલી મૂર્તિ હતી.

(ક) મારો અને રાકેશનો રોજ ઝઘડો થાય છે, તેથી અમે સાથીદાર છીએ.

(૨૪) તાકોડી... - [ ]

(અ) ઈજુબહેન ભારે તાકોડી, જેટલી તક મળે એ બધી જ લઈ લે.

(બ) મારે એક બે કોડી ન ચાલે, હું તાકોડી છું એટલે ત્રણ કોડી લઈશ.

(ક) વાહ! એક જ પથ્થર ફેંક્યો ને કેરી પાડી દીધી. તે, તું તો સરસ તાકોડી છે ને !

(૨૫) ચસકો.... - [ ]

(અ) મને તો ગળ્યું ખાવાનો ચસકો કે હું તો ગળ્યું કશું ખાઉં જ નહીં.

(બ) એને ક્રિકેટનો ભારે ચસકો, આખો દિવસ રમ રમ કરે.

(ક) જરા સંભાળજે, ચસકો લાગી જશે પછી સાબુથી ધોઈશ તોપણ જશે નહીં.

(૨૬) ભાથું... - [ ]

(અ) એક ગોવાળ આજે ખાવાનું નથી લાવ્યો એટલે કૃષ્ણના ભોજનમાં ભાગ પડાવશે.

(બ) સૌ ગોવાળો બોર વીણતા અને સરખા ભાગે ખાતા.

(ક) નાગનું માથું નીચે અને ઉપર કૃષ્ણ.

(૨૭) ચિંતાતુર.... - [ ]

(અ) ગોવાળોને ડર હતો કે નાગ કૃષ્ણને મારી નાખશે.

(બ) બળભદ્રને ભરોસો હતો કે કૃષ્ણ દડો લઈ આવશે.

(ક) કૃષ્ણને પાછા આવતાં જોવા ગોવાળો.

(૨૮) ધરો... - [ ]

(અ) કૃષ્ણએ પાણીના ઊંડા ખાડામાં ડૂબકી લગાવી.

(બ) ગોવાળિયાએ ઘાસના ઢગલા પર ભૂસકો માર્યો.

(ક) કૃષ્ણે ગોવાળિયાઓની એક પણ વાત ન માની.

(૨૯) સ્વામી... - [ ]

(અ) સમગ્ર વિશ્વમાં સ્વામીનારાયણ નામનો સંપ્રદાય ફેલાયેલો છે.

(બ) નાગણ કહે અમારો સ્વામી જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે.

(ક) અમારા ગામમાં પધારેલ સ્વામીજી સારો સત્સંગ કરે છે.

જવાબઃ (૧) અ (૨) ક (૩) બ (૪) બ (૫) અ (૬) ક (૭) અ (૮) અ (૯) ક (૧૦) બ (૧૧) ક (૧૨) બ (૧૩) અ (૧૪) ક (૧૫) બ (૧૬) બ (૧૭) અ (૧૮) બ (૧૯) બ (૨૦) અ (૨૧) ક (૨૨) બ (૨૩) અ (૨૪) ક (૨૫) બ (૨૬) અ (૨૭) અ (૨૮) અ (૨૯) બ

**પ્રશ્ન–૧ (બ) યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો :** **(૨)**

(૧) ફ્રિજમાં ........................ મળતી નથી.

(૨) ફ્રિજનો દરવાજો ........................ લેવા ખુલ્યો.

(૩) ટમેટાં ડાળી પર ........................ રમતાં હતાં.

(૪) મારી મમ્મીએ શર્ટ ધોઈ-ધોઈને ઊજળો ...................... જેવો કરી દીધો.

(૫) કપાસની ગાંસડી બાંધવા મારી માતાએ કાપડમાંથી ...................... બનાવી.

(૬) મહીસાગર, નર્મદા, તાપી, સાબરમતી આ ગુજરાતની ...................... કહેવાય.

(૭) સૂરજના તડકામાં ચમકતા પીળા રંગવાળું ખેતર એટલે ...................... .

(૮) રાજેશભાઈ પોતાની બાઈકને ...................... કહે છે.

(૯) અમે એક કાચબી પાળી છે અને તેનું નામ ...................... રાખ્યું છે.

જવાબઃ (૧) હૂંફ (૨) ધારી (૩) અડકો દડકો (૪) દૂધ (૫) પછેડી (૬) નદિયું (૭) સોનાવરણી સીમ (૮) ચેતક (૯) કીકુ

**પ્રશ્ન–૧ (બ) યોગ્ય શબ્દ મૂકી કાવ્યપંક્તિ પૂર્ણ કરો : (૨)**

(૧) ...................... તો કૂંપળ લાવ્યા.

(૨) નવલી લાવ્યા એક ...................... .

(૩) ઊઠ્યાં એવાં ...................... !

(૪) છેવટ આવ્યા ...................... .

(૫) કા કા કરતા કાગાભાઈ ...................... ખંધુ જુએ.

(૬) અંધારાના દરની માટી ...................... ખુએ.

(૭) ...................... આવી આખું કાળું આભ ધુએ.

(૮) કૂણા કૂણા તડકા મહીં આ ......................ની ટોળી.

(૯) ...................... માટે આવ્યો મૈયા !

(૧૦) જટા બનાવી ...................... લગાવી.

(૧૧) ...................... ને ભોજન સાદું.

(૧૨) ‘અચ્છા ...................... હમ ચલતે હૈ.’

(૧૩) બસ ...................... માટે રમવાનું.

(૧૪) ...................... પણ રમવું.

(૧૫) બારેય ...................... ચાલતી.

(૧૬) હાર નહીં કે ...................... નહીં.

(૧૭) મારા ...................... દેશનાં ગીત.

(૧૮) બાપુ સીમમાં .......................

(૧૯) માવડી એકલી .......................

(૨૦) દાદી ગીત ...................... ઉઘાડ.

જવાબઃ (૧) પીપળાભાઇ (૨) નવાઈ (૩) રૂઠચાં (૪) લીમડાભાઇ (૫) લુચ્ચું (૬) અળસિયાંઓ (૭) સૂરજદાદા (૮) પતંગિયા (૯) ભિક્ષા (૧૦) ભભૂત (૧૧) વૈરાગી (૧૨) મૈયા (૧૩) રમવા (૧૪) વરસાદે (૧૫) મહિના (૧૬) જીત (૧૭) દાદાનાં (૧૮) લલકારતા'તા (૧૯) ગણગણતી'તી (૨૦) ખજાનો

**પ્રશ્ન–૧ (બ) યોગ્ય જોડકાં જોડો : (૨)**

●

| | (અ) | | | (બ) |
|---|---|---|---|---|
| (૧) | લીમડો | - | (ક) | બોર |
| (૨) | આંબો | - | (ખ) | ટેટા |
| (૩) | વડ | - | (ગ) | લીંબોળી |
| (૪) | બોરડી | - | (ઘ) | કેરી |

**જવાબ : (૧–ગ), (૨–ઘ), (૩–ખ), (૪–ક)**

●

| | (અ) | | | (બ) |
|---|---|---|---|---|
| (૧) | ઊજળાં આભમાં | - | (ક) | બાજરો |
| (૨) | લીલો કંચન | - | (ખ) | માનવી |
| (૩) | રળનારો | - | (ગ) | કુંજડિયું |
| (૪) | રંગેસંગે કામ | - | (ઘ) | મલક આબાદ |

**જવાબ : (૧–ગ), (૨–ક), (૩–ખ), (૪–ઘ)**

| (અ) | | (બ) |
|---|---|---|
| (૧) કયું પક્ષી કયા વિસ્તારનું છે ? | - | (ક) તે ચણ લેવા ગયાં હશે. હમણાં પાછાં ફરશે. |
| (૨) કયો માળો કયા પક્ષીનો છે ? | - | (ખ) પોતે પણ હાથથી એમને અડક્યો નહીં. |
| (૩) પક્ષી બચ્ચાં કઇ રીતે ઉછેરે ? | - | (ગ) આ કાબરનો માળો છે. |
| (૪) પક્ષીનાં બચ્ચાંને આપણાથી અડાય નહીં. | - | (ઘ) જો એ બ્રાહ્મણી કાબર છે. આ વિસ્તારમાં ભાગ્યે જ જોવા મળે. |

જવાબ : (૧–ઘ), (૨–ગ), (૩–ક), (૪–ખ)

**પ્રશ્ન–૧ (ક) નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો :(૩)**

(૧) પવનની બીકથી દીવો ધ્રૂજવા લાગ્યો. - ☐

(૨) ઘરમાં અંધારું પવનને કારણે થાય છે. - ☐

(૩) જોર-જોરથી ફૂંકાતા પવનથી બચવા બાળક ઘરનાં બારી-બારણાં બંધ કરી દે છે. - ☐

(૪) ધીમે પગલે ઘરમાં પ્રવેશતો પવન કોઇને ગમતો નથી. - ☐

(૫) બોધરાજ ભીષ્મના નવા ઘરે અવારનવાર જતો. - ☐

(૬) ગોદામમાં સમડીનો માળો હતો. - ☐

(૭) બોધરાજ અને ભીષ્મએ કાબરનાં બચ્ચાંને હાથમાં લઇ દાણા ખવડાવ્યાં. - ☐

(૮) બોધરાજ શાળાનો સૌથી ડાહ્યો વિદ્યાર્થી ગણાતો. - ☐

(૯) તૃપ્તિ અને અંશુલ ચમત્કારિક શક્તિવાળાં હતાં. - ☐

(૧૦) ડાકણને કાપવા જામફળ અને ચપ્પુનો ઉપયોગ કર્યો. - ☐

(૧૧) તૃપ્તિ દુપટ્ટાને ચૂનાના પાણીમાં બોળીને લાવી હતી. - ☐

(૧૨) લાકડીમાં ફસાયેલું ઇલેસ્ટિક બંગડીને પોતાની તરફ ખેંચતું હતું.- ☐

(૧૩) મીઠાની ખેતી કોઈપણ જગ્યાએ થઈ શકે છે. - ☐

(૧૪) એકત્રિત કરેલા મીઠાના ડુંગરને સાગર કહેવાય. - ☐

(૧૫) રસોડાનો રાજા સબરસ છે પણ મીઠું ન કહેવાય. - ☐

(૧૬) મીઠાની ખેતી કરતા લોકોને અગરિયા કહેવાય. - ☐

(૧૭) મથુરાના લોકો ગોકુળમાં દૂધ-દહીં માખણ વેચતાં હતાં. - ☐

(૧૮) કૃષ્ણના મિત્રો ઈચ્છતા હતા કે કૃષ્ણ નદીમાં જાય. - ☐

(૧૯) કાલીય નાગ યમુના નદીમાં રહેતો હતો. - ☐

(૨૦) બલભદ્રને વિશ્વાસ હતો કે કૃષ્ણ નદીમાં જશે. - ☐

(૨૧) બધાને ડર હતો કે કૃષ્ણ નદીમાં જશે તો ડૂબી જશે. - ☐

(૨૨) ખેતરનો પાક પવનથી લહેરાઈ રહ્યો છે. - ☐

(૨૩) ખેડૂતોએ નહેરનાં પાણીથી સિંચાઈ કરી છે. - ☐

(૨૪) સૌ સાથે મળીને કામ કરશે તો દેશ બરબાદ થઈ જશે. - ☐

(૨૫) દાતરડાં અને પછેડી લઈ ખેડૂત ખેતરે જાય છે. - ☐

જવાબઃ (૧) ✗ (૨) ✗ (૩) ✓ (૪) ✗ (૫) ✓ (૬) ✗ (૭) ✗ (૮) ✗ (૯) ✗ (૧૦) ✗ (૧૧) ✓ (૧૨) ✓ (૧૩) ✗ (૧૪) ✗ (૧૫) ✗ (૧૬) ✓ (૧૭) ✗ (૧૮) ✗ (૧૯) ✓ (૨૦) ✓ (૨૧) ✓ (૨૨) ✓ (૨૩) ✗ (૨૪) ✗ (૨૫) ✓

**પ્રશ્ન–૧ (ક) કૌંસમાંથી સાચો શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો : (૩)**

(કેમ કે, પણ, તેથી, પરંતુ, અથવા, અને, એટલે, કારણ કે)

(૧) મંકોડું ત્રણ, મંકોડું બાર ................ મંકોડું બાવીસે પેટ ફાટી જાય એટલો રસ પીધો.

(૨) ભારે પવન આવ્યો ................ આખા ઘરમાં ધૂળ પથરાઈ ગઈ.

(૩) મહેન્દ્ર સુરેશ કરતાં ઊંચો છે ................ દિવ્યા કરતાં નીચો છે.

(૪) દાદા ગુસ્સે થાય, ................ કદી મારે નહીં.

(૫) આજે મારે વહેલા ઘરે જવું પડશે, ............. અમારે બહારગામ જવાનું છે.

(૬) સાંજે હું મેદાનમાં હોઉં, ................ નદી કિનારે ફરતો હોઉં.

(૭) મારે તો રમવું જ હતું ................ બાપુજીએ પરાણે ભણવા બેસાડયો.

(૮) પવન જોરદાર છે ................ પતંગ ચગાવવાની મજા પડશે.

(૯) આપણે પરસેવો થાય તેટલું તો દરરોજ રમવું જ જોઇએ ................ સ્વાસ્થ્ય માટે તે જરૂરી છે.

(૧૦) જમ્યા પછી છાશ પીવી જોઇએ ................ તે પીવાથી પાચન જલદી થાય છે.

(૧૧) માયા ખૂબ ઉતાવળથી લખતી હતી ................ તેના અક્ષર ખરાબ આવ્યા છે.

(૧૨) મારે ................ દાદીની જેમ રમતમાં એક્કો બનવું છે.

(૧૩) હવે વધારે વાંચવું પડશે, ................ પરીક્ષા નજીક આવી રહી છે.

(૧૪) હું ................ મારી બહેન, કોઈક તો રોજ એકાદ તોફાન કરીએ જ.

જવાબ: (૧) અને (૨) એટલે (૩) અને (૪) પણ (૫) કેમ કે (૬) અથવા (૭) પરંતુ (૮) તેથી (૯) કારણ કે (૧૦) કેમ કે (૧૧) તેથી (૧૨) પણ (૧૩) કેમ કે (૧૪) અથવા

**પ્રશ્ન–૧ (ક) યોગ્ય જૂથમાં વર્ગીકરણ કરો : (૩)**

→ (લૂમ, જાન, ગાય, તાળું, પુષ્પગુચ્છ, વરરાજા, દાંતનું ચોકઠું, ટ્રેન, થોકડી)

| વ્યક્તિવાચક | સમૂહવાચક |
|---|---|
| | |

→ (રૂમ, વરઘોડો, સભા, છોકરી, ઝૂડો, ચકલી, જૂથ, ધણ, મયૂર, નર્મદા)

| વ્યક્તિવાચક | સમૂહવાચક |
|---|---|
| | |

→ (ગયા રવિવારે, અત્યારે, બે દિવસ પછી, ઈ.સ.૨૦૩૪, ઈ.સ.૨૦૧૫, હમણાં, આવતાં બુધવારે, આજે, ગઈકાલે)

| અગાઉ | અત્યારે | હવે પછી |
|---|---|---|
| | | |

→ (માછલી, પતંગિયું, સાડી, રોટલો, વાદળ, પૅન્સિલ, કૂતરો, ફૂલ, માણસ)


| કેવો | કેવી | કેવું |
|---|---|---|
| | | |

→ (ક્રિકેટ, શતરંજ, ગિલ્લી-દંડા, કેરમ, હૉકી, નારગેલ, સાપસીડી, કબડ્ડી, દોરડાકૂદ)

| ઈનડોર રમતો | આઉટડોર રમતો |
|---|---|
| | |

**પ્રશ્ન–૧ (ક) નીચે આપેલાં વાર્તાનાં ચિત્રોને યોગ્ય ક્રમ આપો : (૩)**

- મિન્ટુભાઈ ગોળવાળા



- 'આવ આવ, જા જા'

